# આદિવાસી વિસ્તારની સ્ત્રીઓની કૃષિક્ષેત્ર અને અન્યક્ષેત્રમાંથી થતો આર્થિક ઉપાર્જનનો અભ્યાસ

રૂબીનાબાનુ બી. મકરાણી
પી.એચ.ડી. રિસર્ચ સ્કોલર,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિ. ગોધરા.

ડો.અમિષાબેન એન. પ્રજાપતિ
આસિ. પ્રો. અર્થશાસ્ત્ર
એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હાલોલ, પંચમહાલ

**૧. પ્રસ્તાવના**

વિશ્વમાં જેટલા દેશ પ્રગતિશીલ છે તે દેશોની ઇકોનોમીમાં કૃષિક્ષેત્રનો ફાળો પણ ખુબજ મહત્ત્વનો છે. વિશ્વની મોટામાં મોટી ગણાતી અર્થવ્યવસ્થામાં પણ કૃષિ એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા જોવા મળે છે. ભારત પણ વિશ્વની એક વિશાળ વસ્તી ધરાવતો અર્થવ્યવસ્થા છે. ભારત જેવા વિકાસશીલ દેશમાં જનસંખ્યા અને તેની વૃદ્ધિ એક વિરાટ યક્ષપ્રશ્નની જેમ અજે પણ ચિંતાનો વિષય છે. ભારત જેવા દેશમાં જનસંખ્યા ને ભરણપોષણની પર્યાપ્તાના સ્ત્રોતો માં કૃષિ એક અગત્યનો ક્ષેત્ર છે. આમપણ ભારત દેશ કૃષિપ્રદાન દેશ છે તેની ઇકોનોમીમાં કૃષિનો ૬૦% થી વધુ યોગદાન છે ત્યારે આ વિષયમાં કૃષિ અને તેના કારણે સમાજને થતા આર્થિક લાભ અને સહયોગની સ્થિતિ જાણવા માટે આ અધ્યયન એક પ્રયાસ છે. ભારત બહુભાષી, બહુરંગી, વિવિધતાથી ભરેલ દેશ છે જેમાં ભારત તેની ભૂભાગીય વિવિધતાના કારણે અલગ-અલગ ભૂભાગમાં અલગ-અલગ પ્રકારની આબોદવા જમીન પેદાશો કૃષિ ઉત્પાદનોથી ભરપુર છે વિસ્તારની વાત કરિએ તો આ દેશના વિવિધ ભાગ પાકી શકાય છે. આ અભ્યાસ દાહોદ વિસ્તારનો હોવાથી ગુજરાત પ્રાંતના વિસ્તારના પણ અલગ-અલગ ભૂભાગમાં વિસ્તાર અને આબોહવા ને કારણે કૃષિપેદાશોમાં વિવિધતા જોવામળે છે. દાહોદ એક શુષ્ક પ્રદેશ હોવાથી પાણીની બાબતમાં અન્ય વિસ્તારની તુલનામાં પછાત કહી શકાય ત્યારે અહીંના સ્ત્રોતો ઓછા પાણીમાં થતા પાકો પર પોતાની કૃષિ પેદાશો મેળવે છે આ અભ્યાસ માં દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ વિસ્તાર ના ગામો પર આધારિત છે. તેથી આ વિસ્તારના લોકોના જીવનમાં કૃષિ એક મહત્ત્વનો રોલ નિભાવે છે અને કૃષિક્ષેત્રના ઉત્પાદન પર આ વિસ્તારની આર્થિક સ્થિતિનો પણ મોટો આધાર છે આ વિસ્તારમાં કૃષિ માટે પાણીની ઉપલબ્ધતા પણ યોગ્ય પ્રમાણમાં ઉપલબ્ધ છે તેથી કૃષિ ઉત્પાદનમાંથી આર્થિક ઉપર્જનમાં આ વિસ્તાર અન્ય વિસ્તારો કરતાં થોડો સમૃદ્ધ ગણીશકાય કૃષિ ઉત્પાદન અને આર્થિક ઉપાર્જન આ વિસ્તારનો એક ધનાત્મક પાસું છે તેવી સ્થિતિમાં સ્ત્રી કામદારો દ્વારા કૃષિકાર્ય દ્વારા થતી આર્થિક આવક થી ઘરેલું ખર્ચ, અન્ય ખાર્ચાઓ કે પ્રસંગોવાન થતા આર્થિક વ્યવહારો માટે આ લોકો કેટલા મદદરૂપ સાબિત થઇ શકે છે તે જાણવું આ અભ્યાસનો મુખ્ય હેતુ છે. આવી પરિસ્થિતિમાં અન્ય આવકના સાધનોમાંથી પણ આ વિસ્તારની સ્ત્રી કામદારો કયા પ્રકારનો આર્થિક લાભ મેળવે છે તે બન્ને બાબતોનો સંયુકત અભ્યાસ કરી અપેક્ષિત પરિણામો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૨. વિષય પસંદગી

કૃષિપ્રદાન દેશમાં કૃષિક્ષેત્રમાં માનવશ્રમ મહત્ત્વનો છે માટે માનવશ્રમનો સૌથી વધુ ઉપયોગ કૃષિક્ષેત્રમાં થાય છે. આદિવાસી વિસ્તાર કે જ્યાં રોજગારીની તકો સીમિત હોય તેવા વિસ્તારમાં કૃષિ અને અન્યક્ષેત્ર માંથી સ્ત્રીક્ષમિકો કેટલા પ્રમાણમાં આર્થિક ઉપાર્જન કરી પરિવારોને મદદરૂપ સાબિત થાય છે તેનો કરવા માટે આ વિષય પસંદગી કરવામાં આવી છે.

## ૩. અભ્યાસના હેતુઓ

૧. આદિવાસી વિસ્તારની સ્ત્રીઓની કૃષિક્ષેત્રમાંથી થતી આર્થિક ઉપાર્જન તપાસવી.
૨. આદિવાસી વિસ્તારની સ્ત્રીઓની કૃષિક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં કામગીરી તપાસવી.
૩. આદિવાસી વિસ્તારની સ્ત્રીઓની કૃષિક્ષેત્રની અને બિન કૃષિક્ષેત્રમાંથી થતો આર્થિક ઉપાર્જન તપાસવું.

## ૪. પરિકલ્પનાઓ

૧. કૃષિક્ષેત્રમાં રોકાયેલ સ્ત્રી શ્રમિકો ને થતી આવક ઘરેલું ખર્ચમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.
૨. કૃષિક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં રોકાયેલ સ્ત્રી શ્રમિકોને થતી આવક ઘરેલું ખર્ચમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.
૩. કૃષિક્ષેત્ર અને અન્યક્ષેત્રમાં જોડાયેલ સ્ત્રી શ્રમિકોની થતી આવક માં ફરક જોવા મળે છે.

## ૫. અભ્યાસનો નિદર્શ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ૨ ગામોની સ્ત્રી શ્રમિકોનો નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ૪૦ પરિવારો માંથી ૧૧ સ્ત્રીશ્રમિકો અને ૨૯ કૃષિક્ષેત્રના શ્રમિકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૬. અભ્યાસ ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસમાં દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સંદર્ભમાં કૃષિક્ષેત્ર અને અન્યક્ષેત્રોમાં કાર્યરત મહિલા શ્રમિકો અભ્યાસના કેન્દ્ર તરીકે છે.

## ૭. અભ્યાસ પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ પાસે થી રૂબરૂ જઇ માહિતી મેળવવાની હોઇ આ અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિ થી કરવામાં આવ્યો છે.

## ૮. ઉપકરણ

પ્રશ્નાવલી (૨૫ પ્રશ્નોધરાવતી પ્રશ્નાવલી )

## ૯. માહિતી એકત્રી કરણ

માહિતીના એકત્રીકરણ માટે નમુનામાં સમાવિષ્ટ ગામોમાં જઇ સમાવિષ્ટ પાત્રો પાસેથી પ્રશ્નાવલીના માધ્યમથી ઉતરો પ્રાપ્ત કરવામાં આવ્યાં.

## ૧૦. માહિતી પૃથક્કરણ

પ્રાપ્ત થયેલ માહિતી ને સારણીકરણ કરી ટકાવારીના માધ્યમ થી માહિતીનો પૃથક્કરણ કરવામાં આવ્યો.

**સારણી-૧ સંખ્યા અને ટકા દર્શાવતી સારણી**

| ક્રમ | કૃષિક્ષેત્ર | બિન કૃષિક્ષેત્ર | કુલ |
|---|---|---|---|
| ગ્રામ્ય-૧ | ૧૦ | ૦૭ | ૧૭ |
| ગ્રામ્ય-૨ | ૧૯ | ૦૪ | ૨૩ |
| | ૨૯ | ૧૧ | ૪૦ |
| | ૭૨.૫% | ૨૭.૫% | ૧૦૦ |

**સારણી-૨ આવક અને ટકા દર્શાવતી સારણી**

| | | | |
|---|---|---|---|
| ૧ | રૂપિયા ૩૦૦૦ સુધી | ૦૫ | ૧૨.૫% |
| ૨ | ૩૦૦૦-૪૦૦૦ | ૧૬ | ૪૦% |
| ૩ | ૪૫૦૦-૬૦૦૦ | ૧૪ | ૩૫% |
| ૪ | ૬૦૦૦-૧૦,૦૦૦ | ૦૪ | ૧૦% |
| ૫ | ૧૦૦૦૦ થી વધુ | ૦૧ | ૨.૫% |
| | કુલ | ૪૦ | ૧૦૦% |

**સારણી-૩ આવક નો ક્ષેત્ર અને ટકા દર્શાવતી સારણી**

| ક્રમ | આવક નો ક્ષેત્ર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પોતાની ખેતી | ૦૭ | ૧૭.૫% |
| ૨ | અન્યની ખેતી મજુરી | ૧૪ | ૩૫% |
| ૩ | અન્ય ખેત આવક(દુધ, શાકભાજી, અન્ય) | ૧૦ | ૨૫% |
| ૪ | ખેતી સિવાયની આવક (પ્રાઇવેટનોકરી. શિક્ષણ, દુકાન, મેડીકલ અન્ય) | ૦૮ | ૨૦% |
| ૫ | ખેતી સિવાયની આવક (સરકારી) | ૦૧ | ૨.૫% |
| | કુલ | ૪૦ | ૧૦૦% |

**સારણી-૪ આવક નો ખર્ચ અને ટકા દર્શાવતી સારણી**

| ક્રમ | ખર્ચ નો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઘરેલુ ખર્ચ – ૩૬ + ૪ | ૪૦ | ૧૦૦% |
| ૨ | અન્ય ખર્ચ (પ્રસંગોચિત, ઇમર્જન્સી) – ૦૯ | ૦૯ | ૨૨.૫% |

**સારણી-૫ પરિવારની સંખ્યા અને ટકા દર્શાવતી સારણી**

| ક્રમ | પરિવાર નો પ્રકાર | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સંયુકત કુટુંબ | ૩૨ | ૮૦% |
| ૨ | વિભકત કુટુંબ | ૦૮ | ૨૦% |
| | કુલ | ૪૦ | ૧૦૦% |

**સારણી-૬ પરિવારની સંખ્યા અને ટકા દર્શાવતી સારણી**

| ક્રમ | પરિવારની સંખ્યા | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ૨-૬ સભ્યો | ૦૪ | ૧૦% |
| ૨ | ૭ સુધીની સંખ્યા | ૨૪ | ૬૦% |
| ૩ | ૮-૧૦ સુધીની | ૦૮ | ૨૦% |
| ૪ | ૧૦ થી વધુ સંખ્યા | ૦૪ | ૧૦% |
| | કુલ | ૪૦ | ૧૦૦% |

## ૧૧. પરિણામ

### સારણી-૧નો પરિણામ

૧.ગ્રામ્ય -૧ માંથી કુલ ૧૭ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં કૃષિક્ષેત્ર કામ કરતી૧૦ સ્ત્રીઓ અને બિનકૃષિક્ષેત્ર કામ કરતી૧૦ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨.ગ્રામ્ય -૨ માંથી કુલ ૨૩ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં કૃષિક્ષેત્ર કામ કરતી૧૯ સ્ત્રીઓ અને બિનકૃષિક્ષેત્ર કામ કરતી ૦૪ સ્ત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### તારણ

નમુનામાં સમાવિષ્ટ ૪૦ સ્ત્રીઓ પૈકી ૨૯ સ્ત્રીઓ કૃષિક્ષેત્રે અને ૧૧ સ્ત્રીઓ બિનકૃષિક્ષેત્રે કામ કરતી જોવા મળી છે જે ટકાવારીની રીતે ૭૨.૫% સ્ત્રીઓ કૃષિક્ષેત્રે અને ૨૭.૫% સ્ત્રીઓ બિન કૃષિક્ષેત્રે કામ કરી આર્થિક ઉપાર્જન કરે છે.

### સારણી-૨ નો પરિણામ

૧. સારણી નં ૨ પર થી આવકની રીતે માસિક રૂપિયા ૩૦૦૦ સુધી ની આવક ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ૦૫ છે જે કુલ ટકાવારીના ૧૨.૫% થાય છે.

૨. માસિક રૂપિયા ૩૦૦૦ -૪૦૦૦ સુધી ની આવક ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ૧૬ છે જે કુલ ટકાવારીના ૪૦% થાય છે.

૩. માસિક રૂપિયા ૪૫૦૦ –૬૦૦૦ સુધીની આવક ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ૧૪ છે જે કુલ ટકાવારીના ૩૫% થાય છે.
૪. માસિક રૂપિયા ૬૦૦૦–૧૦,૦૦૦ સુધીની આવક ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ૦૪ છે જે કુલ ટકાવારીના ૧૦% થાય છે.
૫. માસિક રૂપિયા ૧૦,૦૦૦ થી વધુની આવક ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ૦૧ છે જે કુલ ટકાવારીના ૨.૫% થાય છે.

**તારણ**

સારણી ઉપરથી તારવી શકાય કે મોટા ભાગની સ્ત્રીઓ કૃષિક્ષેત્રમાંથી આવક મેળવે છે જેની કુલ ટકાવારી ૭૭.૫% છે અને બિનકૃષિક્ષેત્રમાંથી આવક મેળવતી સ્ત્રીઓની ટકાવારી ૨૨.૫% છે. તે પર થી તારવી શકાય કે આવકની રીતે કૃષિક્ષેત્ર એ બિનકૃષિ ક્ષેત્ર કરતાં આગળ છે.

## સારણી–૩ નો પરિણામ

૧. સારણી નં. ૩ આવકના ક્ષેત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે પોતાની ખેતી કરતી સ્ત્રીઓની સંખ્યા ૦૭ છે જે કુલ ટકાવારીની ૧૭.૫% થાય છે.
૨. આવકના ક્ષેત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે અન્યની ખેતી મજૂરી કરતી સ્ત્રીઓની સંખ્યા ૧૪ છે જે કુલ ટકાવારીની ૩૫% થાય છે.
૩. આવકના ક્ષેત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે અન્ય ખેત આવક(દૂધ, શાકભાજી, અન્ય)કરતી સ્ત્રીઓની સંખ્યા ૧૦ છે જે કુલ ટકાવારીની ૨૫% થાય છે.
૪. આવકના ક્ષેત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે ખેતી સિવાયની આવક (પ્રાઇવેટ નોકરી. શિક્ષણ, દુકાન, મેડીકલ અન્ય) કરતી સ્ત્રીઓની સંખ્યા ૦૮ છે જે કુલ ટકાવારીની ૨૦% થાય છે.
૫. આવકના ક્ષેત્રનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે ખેતી સિવાયની આવક (સરકારી)કરતી સ્ત્રીઓની સંખ્યા ૦૧ છે જે કુલ ટકાવારીની ૨.૫% થાય છે.

**તારણ**

સારણી ઉપરથી તારવી શકાય કે મોટા ભાગની સ્ત્રીઓ ખેતીની આવક મેળવે છે જે કુલ ટકાવારીના ૭૭.૫ % થાય છે અને ખેતી સિવાયની આવક મેળવતી સ્ત્રીઓની ટકાવારી ૨૨.૫% છે. તે પર થી તારવી શકાય કે આવકની રીતે કૃષિક્ષેત્રએ બિનકૃષિક્ષેત્ર કરતાં આગળ છે.

## સારણી–૪નો પરિણામ

૧. સારણી નં. ૪ ખર્ચ ના પ્રકાર નો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે કુલ આવકના ઘરેલુ ખર્ચની ટકાવારી ૧૦૦% છે.
૨. સારણી નં. ૪ ખર્ચ ના પ્રકાર નો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે કુલ આવકના અન્ય ખર્ચ (પ્રસંગોચિત, ઇમર્જન્સી) ની ટકાવારી ૨૨.૫% છે જે ઘરેલુ ખર્ચ ઉપરાંતનો ખર્ચ દર્શાવે છે.

૩.સારણી ઉપરથી તારવી શકાય કે મોટા ભાગની સ્ત્રીઓ કુલ આવકનો ૧૦૦% ઘરેલુ ખર્ચમાં મદદ કરે છે અને સાથોસાથ ઘરેલુ ખર્ચ ઉપરાંતના ખર્ચમાં પણ મદદ કરે છે. તે પર થી તારવી શકાય કે કૃષિક્ષેત્રની આવકનો ખર્ચ અન્ય આવકના ખર્ચ કરતાં વધારે છે જે કૃષિક્ષેત્રની ઉપલબ્ધી દર્શાવે છે.

**સારણી-૫નો પરિણામ**

૧.સારણી નં. ૫ પરિવારના પ્રકારનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે સંયુકત કુટુંબમાંથી આવતી સ્ત્રીઓની સંખ્યા ૩૨ છે જે કુલ ટકાવારીના ૮૦% થાય છે.

૧.પરિવારના પ્રકારનો અભ્યાસ કરતાં માલુમ પડે છે કે વિભકત કુટુંબમાંથી આવતી સ્ત્રીઓની સંખ્યા ૦૮ છે જે કુલ ટકાવારીના ૨૦% થાય છે.

**તારણ**

સારણી ઉપરથી તારવી શકાય કે મોટા ભાગની સ્ત્રીઓ સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાંથી આવે છે અને કૃષિક્ષેત્રમાંથી વધુ આવક મેળવે છે જયારે વિભકત કુટુંબ અને સંયુકત કુટુંબની સ્ત્રીઓની આવક ઓછી જોવા મળે છે.

**સારણી-૬નો પરિણામ**

૧.સારણી નં. ૬ પરિવારની સંખ્યા નો અભ્યાસ કરતાં માલુમ પડે છે કે ૨-૬ સભ્યો ધરાવતા પરિવારોની સંખ્યા ૦૪ છે જે કુલ ટકાવારીના ૧૦% છે.

૨.૭ સુધીની સંખ્યા ધરાવતા પરિવારોની સંખ્યા ૨૪ છે જે કુલ ટકાવારીના ૬૦% છે.

૩.૮-૧૦ સુધીની સંખ્યા ધરાવતા પરિવારોની સંખ્યા ૦૮ છે જે કુલ ટકાવારીના ૨૦% છે.

૪.૧૦ થી વધુ સંખ્યા ધરાવતા પરિવારોની સંખ્યા ૦૪ છે જે કુલ ટકાવારીના ૧૦% છે.

**તારણ**

સારણી ઉપરથી તારવી શકાય કે પરિવારની સંખ્યાની દ્રષ્ટિએ ૩૬ સ્ત્રીઓના પરિવારની ઔસત સંખ્યા ૦૫ થાય છે જયારે ૦૪ સ્ત્રીઓના પરિવારોની ઔસત સંખ્યા ૧૦ છે. આથી તારવી શકાય કે કૃષિક્ષેત્રમાંથી આવતી સ્ત્રીઓના પરિવારની ઔસત સંખ્યા ૦૭ છે અને બિનકૃષિક્ષેત્રમાંથી આવતી સ્ત્રીઓના પરિવારની ઔસત સંખ્યા ૦૫ છે તેથી તારવી શકાય કે કૃષિક્ષેત્રની આવકથી વધુ પરિવારો આર્થિક સહકાર મેળવે છે જયારે બિનકૃષિક્ષેત્રમાંથી આવક મેળવતા પરિવારો કૃષિક્ષેત્રની આવક કરતાં થોડો ઓછો આર્થિક સહકાર મેળવે છે.

**સૂચનો**

૧.મોટા ભાગની મહિલાઓ કૃષિક્ષેત્રમાંથી વધુ આવક મેળવે છે તેથી કૃષિક્ષેત્રના વિકાસ પર ધ્યાન આપવો જોઇએ.

૨.ખેત મજૂરીમાં મહિલાઓની ભાગીદારી વધારી શકાય તેવું આયોજન કરવું જોઇએ.

૩.સંયુકત પરિવારની સ્ત્રીઓ વધુ, પ્રમાણમાં ઘર ખર્ચમાં મદદકરી શકે તેથી તેમના ખેતમજૂરીમાં વધુ તકો વધારવી જોઇએ.

**સંદર્ભ સૂચિ**

૧. આચાર્ય, મોહિની (૨૦૦૮)."શિક્ષણમાં સંશોધનું પદ્ધતિ શાસ્ત્ર" (પ્રથમ આવૃત્તિ) અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. શાહ, એ.જી. અને જે. કે. દવે (૧૯૯૯-૨૦૦૦). સામાજિક સંશોધન અને સંશોધન પદ્ધતિઓ, અમદાવાદ, અનડા પ્રકાશન
૩. શાહ, એ.જી. અને જે. કે. દવે, ભારતીય આદિવાસી સંસ્થાઓ.
૪. શાહ, વિપલ પી. (૧૯૯૦). સંશોધન ડિઝાઇન, અમદાવાદ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ,
૫. જોષી, **વિદ્યુતભાઈ** (૧૯૯૭). સમાજશાસ્ત્ર પારિભાષિક શબ્દ કોષ
૬. પરમાર, નટવરસિંહ (૧૯૮૮).સંશોધન અહેવાલ લેખન, અમદાવાદ યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ,
૭. શાહ, બી.એચ. (૧૯૯૩). સામાજીક પરિવર્તન અને આર્થિક વિકાસ અંક ૨૧-૨૨ફેબ્રુઆરી
૮. શાહ, દિપીકા ભદ્રેશ (૨૦૦૪). "શૈક્ષણિક સંશોધન" (પ્રથમ આવૃત્તિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૯. શ્રી ભલાભાઇર. પટેલ ભારતમાં આર્થિક સમસ્યાઓ ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.-૬
૧૦. શ્રીનિવાસ, એમ.એન. (૧૯૭૫) આધુનિક ભારતમાં સામાજીક પરિવર્તન
૧૧. દવે, હાર્ષિદા એચ.આદિવાસી મહિલાઓ અને વિકાસ
१२. Basu, Ashok R. (1985) Trible Development Programs and Administration in India, Shimla, National Book Organnization.
१३. Dubhashi, P.R. (1970) Rural development Administration in India, Bombay, Popular Prakashan.
१४. Government of India (1960) Report of the committee on Tribal development, Ministry of Home Affairs, New Delhi.
१५. Hamilaton, R.E. (1968) The Role of Social Work Organizations in social Action, Internation Social work, Vol.II
१६. Lakshmanna, M. (1980) Rural welfare and voluntary Action with special reference to ranga reddy and Hyderabad District, New Delhi.